All PDF Collection
PDF Seva

## ધોરણ-12
સામાન્ય પ્રવાહ અને
વિજ્ઞાન પ્રવાહ

# All in One

ગુજરાત ઉ.મા. શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ અને
O.M.R. System મુજબ તૈયાર કરેલ

**આશરે 2800થી વધુ MCQs**

# કમ્પ્યૂટર દર્પણ


## લેખકો

**શ્રી તેજસ આર. ઠક્કર**
(M.Sc. IT, PGDCA, BCA)
યશ કમ્પ્યૂટર એકેડમી,
મણિનગર, અમદાવાદ.
www.tejasthakkar.com
tejasrthakkar@gmail.com

**શ્રી સંજયભાઈ સી. ઉપાધ્યાય**
શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.
sanjay_upadhyay70@yahoo.co.in

## સહ લેખક

**દિવ્યકાંત પી. માસ્તર**
(19 વર્ષના અનુભવી)
અડાજણ અને સીટીલાઈટ રોડ,
જગર ક્લાસીસ, સુરત.


## વિશેષતાઓ

- કમ્પ્યૂટર અધ્યયન વિષયના અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ મુજબનું આધુનિક પુસ્તક
- અનુભવી લેખક અને કમ્પ્યૂટર નિષ્ણાત દ્વારા પુસ્તકનું લેખન
- સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને બહુવૈકલ્પિક પ્રશ્નો આધારિત All in One પ્રકારનું પુસ્તક
- બોર્ડની માર્ગદર્શિકા મુજબ સરળ, મધ્યમ અને કઠીનતા મૂલ્ય આધારિત બહુવૈકલ્પિક પ્રશ્નો
- બોર્ડની પરીક્ષામાં પૂછાવાની શક્યતા ધરાવતા ગુણવત્તાયુક્ત MCQs નો સમાવેશ
- સરળ, લોજીકલ, સ્ક્રીનશોટ/ગ્રાફિક્સ આધારિત, ટૂલ બટન્સ આધારિત, દરેક સ્વરૂપના પ્રશ્નોનો સમાવેશ
- દરેક પ્રશ્નોના સરળ, સચોટ અને પરીક્ષાલક્ષી આદર્શ ઉત્તર
- દરેક સૈદ્ધાંતિક અને પ્રાયોગિક મુદ્દાની સરળ ભાષામાં સ્ક્રીન શૉટ્સ સાથે વિગતવાર સમજૂતી
- પાઠ્યપુસ્તકના સ્વાધ્યાય અને પ્રાયોગિક સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તર


**કુમાર પ્રકાશન કેન્દ્ર**
Visit us at : www.kumardarpan.com
E-mail : info@kumardarpan.com
Ph. : (079) 2656 2199
2656 2200

SPECIMEN 2017-2018
WITH BEST COMPLIMENTS
FROM THE PUBLISHER
FOR FAVOUR OF REVIEW

₹ 240/-

भारत सरकार
[ GOVERNMENT OF INDIA ]
व्यापार चिह्न रजिस्ट्री
Trade Marks Registry
सत्यमेव जयते
*Registrar of Trade Marks has registered the Trade Mark and the name **KUMAR PRAKASHAN KENDRA** in respect of Educational Books, Publication under No. 1659615.*

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો અને સારસ્વત મિત્રો,

આજના કમ્પ્યૂટરયુગમાં કમ્પ્યૂટરના અભ્યાસ વિના ચાલવાનું નથી અને કમ્પ્યૂટર શીખ્યા વિનાનો માનવી અભણ કહેવાશે એ હકીકત હવે શિક્ષણ જગતમાં સૌ કોઈએ સ્વીકારી લીધી છે અને આ જ બાબતને અનુલક્ષીને શાળાઓમાં પ્રાથમિક કક્ષાથી જ કમ્પ્યૂટર વિષયને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ગત વર્ષે આ વિષય માટે '**કમ્પ્યૂટર દર્પણ**' સમયસર પ્રકાશિત થઈ હતી અને સમગ્ર ગુજરાતમાંથી ખૂબ જ સારો પ્રતિભાવ સાંપડ્યો અને દરેક ખૂણે-ખૂણે તે પ્રસરી. કમ્પ્યૂટર વિષયનો પર્યાય બની ચૂકેલ **કમ્પ્યૂટર દર્પણ** પુસ્તકો વિદ્યાર્થીઓ, સારસ્વત મિત્રો અને કમ્પ્યૂટરનો ઉપયોગ કરનાર દરેક ઉપયોગકર્તા માટે માર્ગદર્શકની ભૂમિકામાં 100% ખરું ઊતર્યું છે....

'**કુમાર પ્રકાશન કેન્દ્ર**'ની પરંપરા રહી છે કે – **કમ્પ્યૂટર જિજ્ઞાસુઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક માહિતીનો રસથાળ પીરસવો**. દિન પ્રતિદિન આપ સૌની આ અપેક્ષાઓ વધી રહી છે, જે અમને સર્વોત્તમ માહિતીનો રસથાળ પીરસવાની પ્રેરણા પૂરી પાડે છે. વર્ષોના અનુભવના નિચોડ સ્વરૂપે કમ્પ્યૂટર વિષયને અનુરૂપ તમામ પાસાંઓને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત પુસ્તકમાં અનેક પ્રકારની અદ્યતન બાબતોનો સમાવેશ કર્યો છે. જેમ કે,

- સંપૂર્ણ અભ્યાસક્રમને સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને બહુવૈકલ્પિક પ્રશ્નોના વિભાગ સ્વરૂપે **All in One** પ્રકારની સરળ ભાષામાં રજૂઆત.
- ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ગદર્શિકા મુજબ સરળ, મધ્યમ અને કઠિનતા મૂલ્ય ધરાવતા ગુણવત્તાયુક્ત પ્રશ્નોનો સમાવેશ.
- સૈદ્ધાંતિક બાબતની સરળ ભાષામાં મુદ્દા સ્વરૂપે રજૂઆત – જે વિદ્યાર્થીઓની ગ્રાહ્યશક્તિનો તેમજ સમજણશક્તિનો વિકાસ કરશે.
- પ્રાયોગિક બાબતની સંપૂર્ણ સ્ક્રીનશોટ્સ સાથે રજૂઆત – જે વિદ્યાર્થીઓની સર્જનશક્તિનો વિકાસ કરશે.
- પુષ્કળ પ્રમાણમાં બોર્ડની પરીક્ષામાં પૂછાવાની શક્યતા ધરાવતા ગુણવત્તાયુક્ત બહુવૈકલ્પિક પ્રશ્નો, જેનો મહાવરો કરવાથી વિદ્યાર્થીઓને ચોક્કસથી ફાયદો થશે અને બોર્ડની પરીક્ષામાં જ્વલંત સિદ્ધિ મેળવી શકશે.
- બહુવૈકલ્પિક પ્રશ્નોમાં પ્રશ્નપત્રના માળખા મુજબ સરળ, મધ્યમ અને કઠિન પ્રકારના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવેલ છે. જેમાં બોર્ડની માર્ગદર્શિકા મુજબ સરળ પ્રશ્નો, લૉજિકલ પ્રશ્નો, સ્ક્રીન/ગ્રાફિક્સ આધારિત પ્રશ્નો, ક્રમમાં ગોઠવવાને લગતાં પ્રશ્નો, ટૂલ બટન્સ આધારિત પ્રશ્નો, ટેબલ સ્વરૂપના પ્રશ્નો વગેરે તમામ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં ચોક્કસથી ઉપયોગી થશે.
- પાઠ્યપુસ્તક આધારિત સ્વાધ્યાયના બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબો તેમજ અન્ય પ્રશ્નોના અનુસંધાન સ્વરૂપે જવાબો આપવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓ માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન પૂરું પાડતી **Student Help Guide** હેઠળ પૂરાં નામ, એક્સ્ટેન્શન, શોર્ટકટ કી, કમ્પોઝર પ્રોગ્રામના મેનૂ-વિકલ્પો, જાવા તથા લેટેક્સ, SciTE પ્રોગ્રામના મેનૂ-વિકલ્પો, પારિભાષિક શબ્દો વગેરેનો સમાવેશ કરતો એક અલાયદો વિભાગ સામેલ કરવામાં આવ્યો છે, જે ચોક્કસથી વિદ્યાર્થીઓને ઉપયોગી થશે.
- અગત્યના મુદ્દા અને વ્યાખ્યા આધારિત પ્રશ્નોને બોલ્ડ સ્વરૂપે દર્શાવેલ છે, જેનો સતત મહાવરો વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક બનશે.

આ સાથે અમો આદરણીય એવા શિક્ષણપ્રેમી સ્વ.**શ્રી અરુણભાઈ શાહ** સાહેબને હૃદયપૂર્વક યાદ કરીને તેમનો આભાર માનીએ છીએ. તેમજ ધો. 12 કમ્પ્યૂટર અધ્યયન પુસ્તક લખવા માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બનેલ પ્રકાશક **શ્રી હેતલભાઈ શાહ**નો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

**કમ્પ્યૂટર દર્પણ** પુસ્તકનો ઉપયોગ કરનાર વિદ્યાર્થીઓ બોર્ડ તેમજ શાળાકીય પરીક્ષામાં ગમે તેવા અઘરા પ્રશ્નપત્રમાં પણ કસોટીની એરણ પર ખરાં ઊતરે છે અને ધાર્યું પરિણામ મેળવી શકે છે.

**કમ્પ્યૂટર શીખો અને અભણ કહેવડાવવામાંથી મુક્તિ મેળવો** – સૂત્રને સાર્થક કરો એવી અભિલાષા સહ....

વિદ્યાર્થી મિત્રો બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી જ્વલંત સિદ્ધિઓ મેળવે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ સહ...

અંતે, આ પુસ્તક અંગે આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે.

આભાર.

**– લેખકો**

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પેજ નં. |
|---|---|---|
| ❖ | પ્રશ્નપત્રનું નવું પરિરૂપ (વિજ્ઞાનપ્રવાહ તથા સામાન્ય પ્રવાહ) સૈદ્ધાંતિક અને પ્રાયોગિક | 1 |
| 1. | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના | 9 |
| 2. | કેસ્કેડિંગ સ્ટાઇલશીટ અને જાવાસ્ક્રિપ્ટ | 49 |
| 3. | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઇટની રચના | 74 |
| 4. | ઇ-કોમર્સનો પરિચય | 94 |
| 5. | એમ-કૉમર્સનો પરિચય | 131 |
| 6. | ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | 182 |
| 7. | જાવાની મૂળભૂત બાબતો | 209 |
| 8. | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 247 |
| 9. | ઍરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | 279 |
| 10. | જાવામાં અપવાદરૂપ પરિસ્થિતિનું વ્યવસ્થાપન | 304 |
| 11. | ફાઇલ-વ્યવસ્થાપન | 331 |
| 12. | લેટેક્સની મદદથી દસ્તાવેજનું પ્રકાશન | 373 |
| 13. | અન્ય ઉપયોગી નિ:શુલ્ક ટૂલ્સ અને સેવાઓ | 419 |
| ❖ | Student Help Guide | 464 |
| ❖ | બોર્ડની પરીક્ષાના નમૂનાનાં પ્રશ્નપત્રો (પ્રાયોગિક) | 480 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – વિજ્ઞાન પ્રવાહ : સિમેસ્ટર-III (ઑક્ટોબર -2014) | 482 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – વિજ્ઞાન પ્રવાહ : સિમેસ્ટર-IV (માર્ચ -2015) | 488 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – સામાન્ય પ્રવાહ : (માર્ચ -2015) | 494 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – વિજ્ઞાન પ્રવાહ : સિમેસ્ટર-III (ઑક્ટોબર -2015) | 501 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – વિજ્ઞાન પ્રવાહ : સિમેસ્ટર-IV (માર્ચ -2016) | 508 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – સામાન્ય પ્રવાહ : (માર્ચ -2016) | 514 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – વિજ્ઞાન પ્રવાહ : સિમેસ્ટર-III (ઑક્ટોબર -2016) | 521 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – વિજ્ઞાન પ્રવાહ : સિમેસ્ટર-IV (માર્ચ -2017) | 527 |
| ❖ | બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર – સામાન્ય પ્રવાહ : (માર્ચ -2017) | 532 |



© કોપીરાઇટ : આ પુસ્તકના લખાણ કે તેના કોઈ પણ ભાગને અન્ય કોઈ પણ સ્વરૂપે જેવાં કે પાઠ્યપુસ્તક, ગાઈડ, સજેશન, પેમ્ફલેટ્સ, નોટ્સ, કસોટીપત્ર વગેરે છાપતાં કે છપાવતાં કે ઝેરોક્ષ કરતાં પહેલા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે. આ પુસ્તકના તમામ હક્કો પ્રકાશકના છે.





Printed by : Jayant Printery LLP

# સહકાર બદલ આભાર


**કુમાર દર્પણની આ આવૃત્તિના રચનાત્મક સૂચનો બદલ નીચે આપેલ શિક્ષકશ્રીઓના અમે ખૂબ-ખૂબ આભારી છીએ.**

- **શ્રી પીયુષભાઈ ભાડલીયા**
  પ્લાઝમા ઇન્ટરનેશનલ સ્કૂલ, જૂનાગઢ.
- **શ્રીમતી સુનિતાબેન જે. શાહ**, પાલડી, અમદાવાદ.
- **શ્રીમતી આરતીબેન શાહ**,
  શારદામંદિર વિનય મંદિર, પાલડી, અમદાવાદ.
- **શ્રીમતી દેવયાનીબેન જોશી**, અમદાવાદ.
- **શ્રી જૂગેશભાઈ તપોધન**, સરસ્વતી વિદ્યાલય, અમદાવાદ.
- **શ્રી જીજ્ઞેશ એસ. માધવાચાર્ય**, અમદાવાદ.
- **શ્રી પરીન્દુ સોમાણી**, શ્રીજી વિદ્યાલય, બાપુનગર, અમદાવાદ.
- **શ્રી સોહિલ પટેલ**, PPS CVS, અબ્રામા.
- **શ્રીમતી દર્શનાબેન ભાભરીયા**, PPS CVS, અબ્રામા.















**આજે જ વસાવો.....**

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) | કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (331) | પ્રશ્નપત્ર પરિરૂપ

સમય : 2 કલાક — કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ગુણ | 30 | 30 | 30 | 10 | **100** |
| ટકા | 30 ટકા | 30 ટકા | 30 ટકા | 10 ટકા | **100 ટકા** |

### પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણની ફાળવણી

| ક્રમાંક | પ્રશ્નપત્રનું સ્વરૂપ | સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| 1. | નિબંધ | – | – | – |
| 2. | ટૂંકા પ્રશ્નો | – | – | – |
| 3. | અતિ ટૂંકા પ્રશ્નો | – | – | – |
| 4. | હેતુલક્ષી | 100 | 100 | 2 કલાક |
| | કુલ | 100 | 100 | 2 કલાક |

### કઠિનતા મૂલ્ય આધારિત ગુણભાર

| ક્રમાંક | કઠિનતાનું સ્તર | કઠિનતાનું મૂલ્ય |
|---|---|---|
| 1. | સરળ | 50 ટકા |
| 2. | મધ્યમ | 35 ટકા |
| 3. | કઠિન | 15 ટકા |
| | કુલ | 100 ટકા |

### પ્રકરણવાર ગુણભાર

| ક્રમ | પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | સૈદ્ધાંતિક ગુણભાર |
|---|---|---|---|
| 1. | 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના | 8 |
| 2. | 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવા સ્ક્રિપ્ટ | 10 |
| 3. | 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના | 8 |
| 4. | 4 | ઈ-કોમર્સનો પરિચય | 7 |
| 5. | 5 | એમ-કોમર્સનો પરિચય | 6 |
| 6. | 6 | ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | 8 |
| 7. | 7 | જાવાની મૂળભૂત બાબતો | 10 |
| 8. | 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 10 |
| 9. | 9 | ઍરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | 10 |
| 10. | 10 | જાવામાં અપવાદરૂપ પરિસ્થિતિનું વ્યવસ્થાપન | 6 |
| 11. | 11 | ફાઈલ વ્યવસ્થાપન | 6 |
| 12. | 12 | લેટેક્સની મદદથી દસ્તાવેજનું પ્રકાશન | 6 |
| 13. | 13 | અન્ય ઉપયોગી નિઃશુલ્ક ટૂલ્સ અને સેવાઓ | 5 |
| | | કુલ | 100 |

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)
## કમ્પ્યૂટર અધ્યયન (પ્રાયોગિક) (332)

સમય : 2 કલાક **પ્રશ્નપત્ર પરિરૂપ** કુલ ગુણ : 100

### પ્રકરણવાર ગુણભાર

| ક્રમ | પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | પ્રાયોગિક ગુણભાર |
|---|---|---|---|
| 1. | 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફૉર્મની રચના | 7 |
| 2. | 2 | કેસ્કેડિંગ સ્ટાઇલશીટ અને જાવા સ્ક્રિપ્ટ | 8 |
| 3. | 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના | 10 |
| 4. | 4 | ઈ-કૉમર્સનો પરિચય | – |
| 5. | 5 | એમ-કૉમર્સનો પરિચય | – |
| 6. | 6 | ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | – |
| 7. | 7 | જાવાની મૂળભૂત બાબતો | 5 |
| 8. | 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 10 |
| | | અથવા | |
| 9. | 9 | ઍરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | |
| 10. | 10 | જાવામાં અપવાદરૂપ પરિસ્થિતિનું વ્યવસ્થાપન | 10 |
| | | અથવા | |
| 11. | 11 | ફાઈલ વ્યવસ્થાપન | |
| 12. | 12 | લેટેક્સની મદદથી દસ્તાવેજનું પ્રકાશન | – |
| 13. | 13 | અન્ય ઉપયોગી નિઃશુલ્ક ટૂલ્સ અને સેવાઓ | – |
| | | કુલ | 50 |

નોંધ : પ્રકરણ 4, 5, 6, 12 અને 13 માંથી પ્રાયોગિક પ્રશ્ન પૂછવાના ન હોવાથી તેના ગુણ દર્શાવેલ નથી.

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન

### માસવાર અને તાસવાર અભ્યાસક્રમની ફાળવણી

| ક્રમ | માસ | કાર્ય દિવસ | પ્રકરણ ક્રમાંક | પ્રકરણનું નામ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 19 | 1 | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના |
| | | | 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવા સ્ક્રિપ્ટ |
| 2. | જુલાઈ | 26 | 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના |
| | | | 4 | ઈ-કોમર્સનો પરિચય |
| 3. | ઓગસ્ટ | 23 | 5 | એમ-કોમર્સનો પરિચય |
| | | | 6 | ઓબ્જેક્ટ આધારિત ખ્યાલો |
| 4. | સપ્ટેમ્બર | 26 | 7 | જાવાની મૂળભૂત બાબતો |
| 5. | ઓક્ટોબર | 13 | 8 | જાવામાં ક્લાસ અને ઓબ્જેક્ટ |
| 6. | નવેમ્બર | 18 | 9 | એરે અને સ્ટ્રિંગનો ઉપયોગ |
| | | | 10 | જાવામાં અપવાદરૂપ પરિસ્થિતિનું વ્યવસ્થાપન |
| 7. | ડિસેમ્બર | 26 | 11 | ફાઈલ વ્યવસ્થાપન |
| | | | 12 | લેટેક્સની મદદથી દસ્તાવેજનું પ્રકાશન |
| 8. | જાન્યુઆરી | 25 | 13 | અન્ય ઉપયોગી નિ:શુલ્ક ટૂલ્સ અને સેવાઓ |
| 9. | ફેબ્રુઆરી | 23 | | પુનરાવર્તન |
| 10. | માર્ચ | 18 | | પરીક્ષા |

## ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)
## વિષય : કમ્પ્યૂટર અધ્યયન

સમય : 2 કલાક **નમૂનાના પ્રશ્નપત્રની બ્લ્યૂપ્રિન્ટ** કુલ ગુણ : 100

### પ્રકરણવાર ગુણભાર

| ક્રમ | પ્રકરણનું નામ | જ્ઞાન | સમજ | ઉપયોજન | કૌશલ્ય | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નનો પ્રકાર | MCQ | MCQ | MCQ | MCQ | |
| 1. | કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફોર્મની રચના | 3 | 2 | 2 | 1 | 8 |
| 2 | કેસ્કેડિંગ સ્ટાઈલશીટ અને જાવા સ્ક્રિપ્ટ | 3 | 3 | 3 | 1 | 10 |
| 3 | કમ્પોઝરનો ઉપયોગ કરી સરળ વેબસાઈટની રચના | 2 | 2 | 3 | 1 | 8 |
| 4 | ઈ-કોમર્સનો પરિચય | 2 | 3 | 2 | – | 7 |
| 5 | એમ-કોમર્સનો પરિચય | 3 | 2 | 1 | – | 6 |
| 6 | ઑબ્જેક્ટ આધારિત ખ્યાલો | 3 | 2 | 2 | 1 | 8 |
| 7 | જાવાની મૂળભૂત બાબતો | 2 | 3 | 4 | 1 | 10 |
| 8 | જાવામાં ક્લાસ અને ઑબ્જેક્ટ | 2 | 3 | 3 | 2 | 10 |
| 9 | અરે અને સ્ટ્રિંગનો ઉપયોગ | 3 | 3 | 3 | 1 | 10 |
| 10 | જાવામાં અપવાદરૂપ પરિસ્થિતિનું વ્યવસ્થાપન | 1 | 2 | 2 | 1 | 6 |
| 11 | ફાઈલ વ્યવસ્થાપન | 2 | 2 | 1 | 1 | 6 |
| 12 | લેટેક્સની મદદથી દસ્તાવેજનું પ્રકાશન | 2 | 2 | 2 | – | 6 |
| 13 | અન્ય ઉપયોગી નિ:શુલ્ક ટૂલ્સ અને સેવાઓ | 2 | 1 | 2 | – | 5 |
| | કુલ ગુણ | 30 | 30 | 30 | 10 | 100 |

# 1 કમ્પોઝરનો ઉપયોગ કરી HTML ફૉર્મની રચના

## વિષય પ્રવેશ

વિદ્યાર્થી મિત્રો,

આ પ્રકરણમાં આપણે ફૉર્મના પરિચયથી શરૂ કરીને કમ્પોઝર નામના ઍડિટરની મદદથી સરળ ફૉર્મ તૈયાર કરવા સુધીની બાબતનો વિગતવાર અભ્યાસ કરીશું. આજકાલ વેબ પર વિગતો સ્વીકારવા માટે ફૉર્મનો ઉપયોગ કરવામાં આવે છે. HTML માં ફૉર્મ એક સંગ્રાહક તરીકે કાર્ય કરે છે. ઉપયોગકર્તા પાસેથી વિવિધ પ્રકારના નિવેશ મેળવવા માટે ફૉર્મનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપયોગકર્તા પોતાની અંગત માહિતી, કોઈ ઉત્પાદન અંગેનો પ્રતિસાદ, મોજણી કે પરિવહન અંગેની વિગતો, ક્રેડિટકાર્ડની વિગતો વગેરે ફૉર્મમાં ઉમેરે છે. સૌ પ્રથમ આપણે ફૉર્મના વિવિધ ઘટકોનો ઉપયોગ કરીને SciTE ઍડિટરમાં ફૉર્મ બનાવવાની રીત શીખીશું, જેમાં કોડિંગ લખવું ખૂબ જ કંટાળાજનક છે. ત્યારબાદ આપણે ફૉર્મ બનાવવા માટે કમ્પોઝર નામના ગ્રાફિકલ ઍડિટરનો ઉપયોગ કરીશું. કમ્પોઝર વેબ વિકાસ માટેનું એક નિઃશુલ્ક અને ઓપનસોર્સ પ્રકારનું IDE છે, જેના ઉપયોગ વડે વેબસાઈટ તૈયાર કરી શકાય છે. કમ્પોઝર WYSIWYG એટલે કે What You See Is What You Get ના નામે ઓળખાતું એક સરળ ગ્રાફિકલ ઇન્ટરફેસ ધરાવતું વેબપેજ ઍડિટર છે. કમ્પોઝરની મદદથી ખૂબ જ સરળતાથી અને ઝડપથી ફૉર્મની રચના કરી શકાય છે. ટૂંકમાં, પ્રસ્તુત પ્રકરણના અંતે તમે કમ્પોઝર ઍડિટરની મદદથી ફૉર્મ તૈયાર કરવાની રીત વિશે વિગતવાર માહિતી મેળવી શકશો.

## પ્રકરણની રૂપરેખા


1.1 ફૉર્મનો પરિચય

1.2 ફૉર્મના ઘટકો

1.3 નિવેશ ઘટકો (Input element)
- ⇨ ટેક્સ્ટ બૉક્સ (Text box)
- ⇨ પાસવર્ડ (Password)
- ⇨ રેડિયો બટન (Radio button)
- ⇨ ચેક બૉક્સ (Check box)
- ⇨ સબમિટ બટન (Submit button)
- ⇨ રિસેટ બટન (Reset button)

1.4 ટેક્સ્ટ એરિયા ઘટક (Textarea element)

પ્રૅક્ટિકલ–1 : ફૉર્મમાં ટેક્સ્ટ એરિયા ઘટક ઉમેરો.

1.5 સિલેક્ટ અને ઑપ્શન ઘટક

પ્રૅક્ટિકલ–2 : ફૉર્મમાં ડ્રૉપડાઉન મેનૂ ઘટક ઉમેરો.

પ્રૅક્ટિકલ–3 : વિવિધ ઘટકોનો ઉપયોગ કરીને નોંધણી માટેનું નમૂનારૂપ ફૉર્મ તૈયાર કરવું.

1.6 ફૉર્મની રચના કરવા માટે IDE નો ઉપયોગ

1.7 કમ્પોઝરનો પરિચય

1.8 કમ્પોઝરનો ઇન્ટરફેસ

1.9 નવી ફાઈલ બનાવવી

1.10 હયાત ફાઈલ ખોલવી

પ્રૅક્ટિકલ–4 : કમ્પોઝરની મદદથી ફૉર્મની રચના કરવી

પ્રૅક્ટિકલ–5 : કમ્પોઝરની મદદથી નોંધણી ફૉર્મની રચના કરવી.


## 1.1 ફૉર્મનો પરિચય

- ➡ આજકાલ ઇન્ટરનેટનો વ્યાપ ખૂબ જ વધી ગયો છે, જેના કારણે અનેક પ્રવૃત્તિઓ ઑનલાઈન થવા લાગી છે.
- ➡ વિવિધ વસ્તુઓની માહિતીને રજૂ કરવા માટે વેબપેજનો ઉપયોગ કરવામાં આવે છે.
- ➡ વેબસાઈટની મુલાકાત લેનાર ઉપયોગકર્તા પોતાની વિગતો દાખલ કરવા માટે HTML ફૉર્મનો ઉપયોગ કરે છે.
- ➡ વેબસાઈટમાં જરૂરી વિગતો અને માહિતીઓને સુવ્યવસ્થિત રીતે દાખલ કરવા માટે તૈયાર કરવામાં આવતી નિયત રચનાના સ્વરૂપને **ફૉર્મ** કહે છે.
- ➡ વેબપેજમાં આવેલ ફૉર્મ ઉપયોગકર્તાને મુદ્રિત ફૉર્મની જેમ જ વિગતો ઉમેરવાની સુવિધા પૂરી પાડે છે.
- ➡ ઉપયોગકર્તા દ્વારા ફૉર્મમાં દાખલ કરવામાં આવતી વિગતોમાં સંવાદિતતા અને વિવિધ પ્રકારના નિયંત્રણો ઉપલબ્ધ હોય છે.
- ➡ ઉદાહરણ :
  - ⇨ જો કોઈ વેબસાઈટ પર ઈ-મેઈલ એકાઉન્ટ ખોલવું હોય તો સૌ પ્રથમ ફૉર્મમાં વિવિધ પ્રકારની અંગત વિગતો ભરવામાં આવે છે.
  - ⇨ ઉપયોગકર્તાના ઈ-મેઈલ એકાઉન્ટને ગોઠવવા માટે આ પ્રકારની વિગતોનો ઉપયોગ કરવામાં આવે છે.

⇨ ત્યારબાદ વિનિયોગ (Application) દ્વારા આ પ્રકારની વિગતોનો સંગ્રહ કરવામાં આવે છે.

⇨ અંતે, વેબસાઈટ પર નોંધવામાં આવેલ વિવિધ ઉપયોગકર્તાઓ વિશેની વિગતો મેળવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ફોર્મ એક સંગ્રાહક એટલે કે કન્ટેઈનર (Container) છે.

→ ફોર્મનો ઉપયોગ ઉપયોગકર્તા પાસેથી વિવિધ પ્રકારની માહિતી મેળવવા માટે કરવામાં આવે છે.

→ ફોર્મમાં નીચે દર્શાવ્યા મુજબના ઘટકો ઉમેરવામાં આવે છે.

(1) લેબલ (Label)

(2) ચેકબૉક્સ (Checkbox)

(3) લખાણ ઉમેરવા માટેનું ક્ષેત્ર (Text input field)

(4) રેડિયો બટન (Radio button)

(5) સબમિટ બટન (Submit button)

(6) રિસેટ બટન (Reset button) વગેરે.

→ ઉપયોગકર્તા પાસેથી જુદા-જુદા પ્રકારના નિવેશ એકત્રિત કરવા માટે ફોર્મ નામના સંગ્રાહક એકમનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ફોર્મના વિવિધ ઘટકોનો ઉપયોગ વિગતો દાખલ કરવા માટે તેમજ વિગતોની યથાર્થતા ચકાસવા માટે કરવામાં આવે છે.

→ HTML (Hyper Text Markup Language) ટૅગનો ઉપયોગ કરીને સરળ ફોર્મની રચના કરી શકાય છે.

→ ફોર્મના ઘટકોને ચાર વિભાગમાં વિભાજીત કરી શકાય છે :

(1) ફોર્મ (Form)

(2) ઈનપુટ (Input)

(3) ટેક્સ્ટ એરિયા (Text area)

(4) સિલેક્ટ અને ઑપ્શન (Select અને Option)

## 1.2 ફોર્મના ઘટકો

→ HTML ફોર્મની રચના કરવા માટે form ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ફોર્મમાં સમાવેશ કરવામાં આવેલ તમામ ઘટકોના સંગ્રાહક તરીકે ફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ફોર્મના વિવિધ ઘટકોને અમલમાં મૂકવા માટે <form> ..... </form> ટૅગનો ઉપયોગ કરવામાં આવે છે.

→ નીચે આપેલ કોડ-લિસ્ટિંગમાં ફોર્મ ઘટકનું ઉદાહરણ દર્શાવેલ છે :

```
<form action="tejas.html" method="post">
.........................................
.........................................
→ નિવેશ ઘટકો (Input elements)
.........................................
.........................................
</form>
```

→ form ઘટક બે લાક્ષણિકતાઓ (attributes) ધરાવે છે :

[1] action

⇨ ફોર્મ સબમિટ કરવામાં આવે ત્યારે તેની વિગતો કયા સ્થાને મોકલવી છે તે સ્પષ્ટ કરવા માટે action લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.

⇨ ફોર્મ સબમિટ કર્યા પછીની પ્રક્રિયાઓના નિયંત્રણ માટે <form> ટૅગની સાથે action લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.

⇨ action લાક્ષણિકતા કિંમત તરીકે ફાઈલનું નામ સ્વીકારે છે.

⇨ ફોર્મમાં વિગતો ઉમેર્યા પછી જ્યારે ઉપયોગકર્તા સબમિટ બટન પર ક્લિક કરે ત્યારે આ ફાઈલને ખોલવામાં આવે છે.

[2] method

⇨ ફોર્મમાં વિગત મોકલતી વખતે method લાક્ષણિકતાનો ઉપયોગ કરીને HTTP (Hyper Text Transfer Protocol) પદ્ધતિ સ્પષ્ટ કરવામાં આવે છે.

⇨ ફોર્મની વિગતોને નિર્દેશિત સરનામા પર કયા પ્રકારે સબમિટ કરવાનું છે તે method લાક્ષણિકતા દ્વારા નક્કી કરવામાં આવે છે.

⇨ method લાક્ષણિકતા બે કિંમતો સ્વીકારે છે :

(A) get પદ્ધતિ

(B) post પદ્ધતિ

(A) get પદ્ધતિ

⇨ method લાક્ષણિકતાની પૂર્વનિર્ધારિત કિંમત get હોય છે.

⇨ get પદ્ધતિ ફોર્મમાંથી વિગતો મેળવીને તેને URL (Uniform Resource Locator) ના અંતમાં ઉમેરી સર્વરને મોકલી આપે છે.

⇨ get પદ્ધતિ એક સમયે માત્ર મર્યાદિત માહિતી મોકલવાની સુવિધા આપે છે.

(B) post પદ્ધતિ :

⇨ post પદ્ધતિમાં વિગતોને HTTP ટ્રાન્જેક્શન દ્વારા બ્લોક સ્વરૂપમાં મોકલવામાં આવે છે.

⇨ વિગતોને વિનંતીમાં સમાવીને મોકલવામાં આવે છે.

⇨ આ પદ્ધતિમાં વિગતોની લંબાઈ બાબતે કોઈ મર્યાદા નથી.

## 'દર્પણ' ના પરીક્ષાલક્ષી MCQs

❖ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1) આજકાલ કોનો વ્યાપ વધી જવાના કારણે અનેક પ્રવૃત્તિઓ ઓનલાઈન થવા લાગી છે ?
(A) ઇન્ટરનેટ (B) મોબાઈલ
(C) GPS (D) સોશિયલ નેટવર્કિંગ

2) વિવિધ વસ્તુઓની માહિતીને રજૂ કરવા માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) સર્વર પેજ (B) હોમપેજ
(C) વેબપેજ (D) માસ્ટર પેજ

3) વેબસાઈટની મુલાકાત લેનાર ઉપયોગકર્તા પોતાની વિગતો દાખલ કરવા માટે કોનો ઉપયોગ કરે છે ?
(A) ટેબલ (B) ફોર્મ (C) ડેટાબેઝ (D) ફાઈલ

4) વેબસાઈટમાં જરૂરી વિગતો અને માહિતીઓને સુવ્યવસ્થિત રીતે દાખલ કરવા માટે તૈયાર કરવામાં આવતી નિયત રચનાના સ્વરૂપને શું કહે છે ?
(A) ડેટાબેઝ (B) ટેબલ (C) ફોર્મ (D) રિપોર્ટ

5) ફોર્મ માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?
(A) ફોર્મમાં જરૂરી વિગતો દાખલ કરવામાં આવે છે.
(B) ફોર્મમાં માહિતીને સુવ્યવસ્થિત રીતે દાખલ કરાય છે.
(C) ફોર્મ નિયત રચના સ્વરૂપ ધરાવે છે.
(D) આપેલ તમામ

6) વેબપેજમાં આવેલ ફોર્મ ઉપયોગકર્તાને કયા પ્રકારના ફોર્મની જેમ જ વિગતો ઉમેરવાની સુવિધા પૂરી પાડે છે ?
(A) મુદ્રિત ફોર્મ
(B) હસ્તલિખિત ફોર્મ
(C) ઓનલાઈન ફોર્મ
(D) ઓફલાઈન ફોર્મ

7) ઉપયોગકર્તા દ્વારા ફોર્મમાં દાખલ કરવામાં આવતી વિગતોમાં શું ઉપલબ્ધ હોય છે ?
(A) સંવાદિતતા
(B) વિવિધ પ્રકારના નિયંત્રણો
(C) (A) અને (B) બંને
(D) આપેલ પૈકી એકપણ નહીં

8) ફોર્મ શું છે ?
(A) સોર્સ કોડ (B) સંગ્રાહક
(C) ઓબ્જેક્ટ (D) એડિટર

9) નીચેનામાંથી કોનો ઉપયોગ ઉપયોગકર્તા પાસેથી વિવિધ પ્રકારની માહિતી મેળવવા માટે કરવામાં આવે છે ?
(A) ટેબલ (B) રિપોર્ટ (C) ફોર્મ (D) ક્વેરી

10) ફોર્મ નીચેનામાંથી કયો ઘટક ધરાવે છે ?
(A) લેબલ (Label), ચેકબોક્સ (Checkbox)
(B) લખાણ ઉમેરવા માટેનું ક્ષેત્ર (Text input field), રેડિયો બટન (Radio button)
(C) સબમિટ બટન (Submit button), રિસેટ બટન (Reset button)
(D) આપેલ તમામ

11) ફોર્મના વિવિધ ઘટકોનો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે ?
(A) વિગતો દાખલ કરવા માટે
(B) વિગતોની યથાર્થતા ચકાસવા
(C) (A) અને (B) બંને
(D) આપેલ પૈકી એકપણ નહીં

12) નીચેનામાંથી કોનો ઉપયોગ કરીને સરળ ફોર્મની રચના કરી શકાય છે ?
(A) HTML (B) WordPad
(C) XML (D) Form Liner

13) HTML નું પૂરું નામ શું છે ?
(A) Hyper Text Manage Language
(B) Hyper Text Markup Language
(C) Hyper Text Marker Language
(D) Hyper Text Making Language

14) ફોર્મના ઘટકોને કેટલા વિભાગમાં વિભાજીત કરી શકાય છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

15) નીચેનામાંથી કયો વિકલ્પ ફોર્મનો ઘટક દર્શાવે છે ?
(A) ફોર્મ (Form), ઇનપુટ (Input)
(B) ટેક્સ્ટ એરિયા (Text area)
(C) સિલેક્ટ અને ઓપ્શન (Select અને Option)
(D) આપેલ તમામ

16) ઉપયોગકર્તા પાસેથી જુદા-જુદા પ્રકારના નિવેશ એકત્રિત કરવા માટે કયા સંગ્રાહક એકમનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) ટેબલ (B) ફોર્મ
(C) રિપોર્ટ (D) ક્વેરી

**જવાબો :** (1 – A) (2 – C) (3 – B) (4 – C) (5 – D) (6 – A) (7 – C) (8 – B) (9 – C) (10 – D) (11 – C) (12 – A) (13 – B) (14 – C) (15 – D) (16 – B)

17) HTML ફોર્મની રચના કરવા માટે કયા ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) form (B) frm
(C) frmsrc (D) formset

18) ફોર્મના વિવિધ ઘટકોનો અમલ કરવા માટે કયા ટૅગનો ઉપયોગ કરવામાંઆવે છે ?
(A) <form> ..... <\form>
(B) <form> ..... </form>
(C) <\form> ..... <\form>
(D) </form> ..... </form>

19) ફોર્મ ઘટક કેટલી લાક્ષણિકતાઓ ધરાવે છે ?
(A) બે (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

20) નીચેનામાંથી કયો વિકલ્પ ફોર્મ ઘટકની લાક્ષણિકતા દર્શાવે છે ?
(A) action
(B) method
(C) (A) અને (B) બંને
(D) એકપણ નહીં

21) ફોર્મ સબમિટ કરતી વખતે ફોર્મની વિગતો કયા સ્થાને મોકલવી છે તેની સ્પષ્ટતા કરવા માટે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) method (B) action
(C) (A) અથવા (B) (D) એકપણ નહીં

22) ફોર્મ સબમિટ કર્યા પછીની પ્રક્રિયાઓના નિયંત્રણ માટે <Form> ટૅગની સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) action
(B) method
(C) (A) અથવા (B)
(D) એકપણ નહીં

23) action લાક્ષણિકતા કિંમત તરીકે શું સ્વીકારે છે ?
(A) વેબસાઈટનું નામ (B) વેબસર્વરનું નામ
(C) ફાઈલનું નામ (D) ફોલ્ડરનું નામ

24) ફોર્મમાં વિગતો ઉમેર્યા પછી ઉપયોગકર્તા કયા બટન પર ક્લિક કરે ત્યારે action લાક્ષણિકતા ધરાવતી ફાઈલ ખોલવામાં આવે છે ?
(A) Finish બટન (B) OK બટન
(C) Reset બટન (D) Submit બટન

25) ફોર્મમાં વિગત મોકલતી વખતે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરીને HTTP પદ્ધતિ સ્પષ્ટ કરવામાં આવે છે ?
(A) action (B) method
(C) (A) અથવા (B) (D) એકપણ નહીં

26) HTTP નું પૂરું નામ શું છે ?
(A) Hyper Text Taged Protocol
(B) Hyper Text Timeline Protocol
(C) Hyper Text Transfer Protocol
(D) Hyper Text Terminal Protocol

27) ફોર્મની વિગતોને નિર્દેશિત સરનામા પર કયા પ્રકારે સબમિટ કરવાનું છે તે કઈ લાક્ષણિકતા દ્વારા નક્કી કરવામાં આવે છે ?
(A) method
(B) action
(C) (A) અથવા (B)
(D) એકપણ નહીં

28) method લાક્ષણિકતા સાથે કેટલી કિંમતોનો ઉપયોગ કરી શકાય છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

29) method લાક્ષણિકતા સાથે કઈ કિંમતોનો ઉપયોગ કરી શકાય છે ?
(A) html, http
(B) get, post
(C) action, method
(D) આપેલ પૈકી કોઈપણ

30) method લાક્ષણિકતાની પૂર્વનિર્ધારિત કિંમત કઈ હોય છે ?
(A) get (B) post
(C) action (D) (A) અથવા (B)

31) method ની કઈ કિંમત ફોર્મમાંથી વિગતો મેળવીને તેને URL ના અંતમાં ઉમેરી સર્વરને મોકલી આપે છે ?
(A) post (B) get
(C) action (D) આપેલ તમામ

32) URL નું પૂરું નામ શું છે ?
(A) Uniform Redefine Locator
(B) Uniform Rearrange Locator
(C) Uniform Reform Locator
(D) Uniform Resource Locator

**જવાબો :** (17 – A) (18 – B) (19 – A) (20 – C) (21 – B) (22 – A) (23 – C) (24 – D) (25 – B) (26 – C) (27 – A) (28 – A) (29 – B) (30 – A) (31 – B) (32 – D)

33) નીચેનામાંથી કયો વિકલ્પ action લાક્ષણિકતાનો ઉપયોગ દર્શાવે છે ?
(A) ફોર્મ સબમિટ કરવામાં આવે ત્યારે વિગતો કયા સ્થાને મોકલવી છે તે સ્પષ્ટ કરવા
(B) HTTP પદ્ધતિ સ્પષ્ટ કરવા
(C) (A) અને (B) બંને
(D) આપેલ પૈકી એકપણ નહીં

34) method લાક્ષણિકતાની કઈ કિંમત એક સમયે માત્ર મર્યાદિત માહિતી મોકલવાની સુવિધા આપે છે ?
(A) get (B) post
(C) action (D) (A) અથવા (B)

35) method લાક્ષણિકતાની કઈ કિંમત વિગતોને HTTP ટ્રાન્ઝેક્શન દ્વારા બ્લૉક સ્વરૂપમાં મોકલે છે ?
(A) post (B) get
(C) action (D) આપેલ તમામ

36) નીચેનામાંથી કઈ પદ્ધતિ HTTP વ્યવહાર દ્વારા વિગતોને બ્લૉક સ્વરૂપે મોકલવાની સુવિધા પૂરી પાડે છે ?
(A) get (B) action
(C) post
(D) આપેલ પૈકી કોઈપણ

37) નીચેનામાંથી કયો વિકલ્પ method લાક્ષણિકતાનો ઉપયોગ દર્શાવે છે ?
(A) ફોર્મ સબમિટ કરવામાં આવે ત્યારે વિગતો કયા સ્થાને મોકલવી છે તે સ્પષ્ટ કરવા
(B) HTTP પદ્ધતિ સ્પષ્ટ કરવા માટે
(C) (A) અને (B) બંને
(D) આપેલ પૈકી એકપણ નહીં

38) method લાક્ષણિકતાની કઈ કિંમત વિગતોને વિનંતીમાં સમાવીને મોકલે છે ?
(A) get (B) post
(C) action (D) (A) અથવા (B)

39) method લાક્ષણિકતાની કઈ પદ્ધતિમાં વિગતોની લંબાઈ બાબતે કોઈ મર્યાદા નથી ?
(A) post (B) get
(C) action (D) આપેલ તમામ

**જવાબો :** (33 – A) (34 – A) (35 – A) (36 – C) (37 – B) (38 – B) (39 – A)

## 1.3 નિવેશ ઘટકો

→ ફોર્મમાં વિવિધ પ્રકારના નિવેશ એટલે કે input ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ફોર્મમાં નિવેશ ઘટકના ઉદાહરણ નીચે મુજબ છે :
- ⇨ ટેક્સ્ટ બૉક્સ
- ⇨ ડ્રૉપડાઉન મેનૂ
- ⇨ પાસવર્ડ
- ⇨ સબમિટ બટન
- ⇨ રેડિયો બટન
- ⇨ રિસેટ બટન વગેરે
- ⇨ ચેક બૉક્સ

→ નિવેશ ઘટકને <input> ..... </input> અથવા માત્ર <input> ટેગનો ઉપયોગ કરીને અમલમાં મૂકી શકાય છે.

→ <input> ટેગનો ઉપયોગ type, name અને value પ્રકારની લાક્ષણિકતા સાથે કરવામાં આવે છે.

→ ફોર્મમાં ઉમેરવામાં આવતા ફિલ્ડની સ્પષ્ટતા કે વિગતના પ્રકારનો નિર્દેશ કરવા માટે input ઘટકની સાથે type લાક્ષણિકતાનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

→ ફોર્મમાં આવેલા ફિલ્ડને નામ આપવા માટે name લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ફોર્મમાં ફિલ્ડને પૂર્વનિર્ધારિત કિંમત સાથે દર્શાવવા માટે value લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.

→ <input> ટેગ સાથે ઉપયોગમાં લેવામાં આવતા type લાક્ષણિકતાની કિંમત ધરાવતા વિવિધ નિવેશ ઘટકો નીચે મુજબ છે :

(1) ટેક્સ્ટ બૉક્સ (Text box)

⇨ ફોર્મમાં લખાણ પ્રકારની વિગત દાખલ કરવા માટે ટેક્સ્ટ બૉક્સનો ઉપયોગ કરવામાં આવે છે.

⇨ વેબપેજનું મથાળું, ઉપયોગકર્તાનું નામ, ઈ-મેઈલ ઍડ્રેસ પ્રકારની વિગતો ઉમેરવા માટે ટેક્સ્ટ બૉક્સ ઉપયોગી બને છે.

⇨ ફોર્મમાં ટેક્સ્ટ બૉક્સની રચના કરવા માટે text વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.

⇨ ટેક્સ્ટ ફિલ્ડમાં ઉપયોગકર્તા મનપસંદ પ્રકારની કોઈ પણ વિગતો ઉમેરી શકે છે.

→ ઉદાહરણ :

**<input type = "text" name="var" value="txt">**

(2) પાસવર્ડ (Password)

⇨ ફોર્મમાં પાસવર્ડ પ્રકારની વિગત દાખલ કરવા માટે પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવે છે.

⇨ પાસવર્ડ ફિલ્ડ એ ટેક્સ્ટ ફિલ્ડ સમાન છે.

⇨ પાસવર્ડ ફિલ્ડમાં ઉમેરવામાં આવેલ અક્ષરો ઉપયોગકર્તા સમક્ષ દર્શાવવામાં આવતા નથી.

⇨ પાસવર્ડ ફિલ્ડમાં અક્ષરોનું અવાચ્ય સ્વરૂપમાં રૂપાંતરણ કરવામાં આવે છે.

- ⇨ પાસવર્ડ માટેનું ફિલ્ડ તેમાં ઉમેરવામાં આવેલ લખાણને દશ્યમાન અક્ષરોના સ્થાને ટપકાં, ફુદડી કે ચોરસના સમૂહરૂપે દર્શાવે છે.
- ⇨ મૂળ લખાણને છૂપાવવાનો ફાયદો એ છે કે - જ્યારે ઉપયોગકર્તા જાહેર સ્થળે લોગઈનની પ્રક્રિયા કરતો હોય ત્યારે તેણે ટાઈપ કરેલ લખાણને વાંચી શકાતું નથી.

➡ ઉદાહરણ :

**<input type = "password" name="var">**

(3) રેડિયો બટન (Radio button)

- ⇨ ફોર્મમાં ઉપલબ્ધ અનેક વિકલ્પોમાંથી માત્ર એક જ વિકલ્પને પસંદ કરવા માટે રેડિયો બટનનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ ફોર્મમાં રેડિયો બટનની રચના કરવા માટે radio વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ રેડિયો બટનના જૂથમાંથી એક સમયે માત્ર એક રેડિયો બટનને જ પસંદ કરી શકાય છે.
- ⇨ એકથી વધુ રેડિયો બટનની પસંદગી શક્ય નથી.
- ⇨ રેડિયો બટનનો દેખાવ નાના વર્તુળ જેવો હોય છે.
- ⇨ રેડિયો બટનના કોઈ વિકલ્પને પસંદ કરવાથી વર્તુળાકાર ભાગમાં કાળા રંગનું એક ટપકું જોવા મળે છે.
- ⇨ જ્યારે ઉપયોગકર્તા રેડિયો બટનના જૂથમાંથી કોઈ એક રેડિયો બટનને પસંદ કરે છે ત્યારે અન્ય રેડિયો બટન અસ્વીકૃત બની જાય છે.
- ⇨ સામાન્ય રીતે વિકલ્પોનાં જૂથમાંથી કોઈ એક જ વિકલ્પ પસંદ કરવા માટે રેડિયો બટનનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ કોઈ ચોક્કસ રેડિયો બટનને પૂર્વનિર્ધારિત રીતે પસંદ થયેલ દર્શાવવા માટે checked લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં, checked લાક્ષણિકતા વૈકલ્પિક છે.

➡ ઉદાહરણ :

**<input type = "radio" name="var" value="txt">**

(4) ચેક બોક્સ (Check box)

- ⇨ ફોર્મમાં ઉપલબ્ધ અનેક વિકલ્પોમાંથી એક કે એકથી વધુ વિકલ્પોને પસંદ કરવા ચેક બોક્સનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ ફોર્મમાં ચેક બોક્સની રચના કરવા માટે checkbox વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ એકથી વધુ ચેકબોક્સની પસંદગી શક્ય છે.
- ⇨ ચેક બોક્સને નાના ચોરસ આકારથી દર્શાવવામાં આવે છે.
- ⇨ ચેક બોક્સના કોઈ વિકલ્પને પસંદ કરવાથી ચોરસ આકારમાં ખરાનું નિશાન ✓ જોવા મળે છે.
- ⇨ આપેલ વિકલ્પોના જૂથમાં એકથી વધુ વિકલ્પોને પસંદ કરવા માટે ચેકબોક્સનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ કોઈ ચોક્કસ ચેક બોક્સને પૂર્વનિર્ધારિત રીતે પસંદ થયેલ દર્શાવવા માટે checked લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં, checked લાક્ષણિકતા વૈકલ્પિક છે.

➡ ઉદાહરણ :

**<input type = "checkbox" name="var" value="txt">**

(5) સબમિટ બટન (Submit button)

- ⇨ ફોર્મમાં દાખલ કરેલ વિગતો મોકલવા માટે સબમિટ બટનનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ ઉપયોગકર્તા Submit બટન પર ક્લિક કરીને જરૂરી વિગતોને સર્વર સુધી પહોંચાડી શકે છે.
- ⇨ સબમિટ બટન પર ક્લિક કરતાં ફોર્મમાં દાખલ કરેલ વિગતો ફોર્મ ઘટક સાથે ઉપયોગમાં લીધેલ action લાક્ષણિકતાને આપવામાં આવેલ ફાઈલ તરફ મોકલે છે.

➡ ઉદાહરણ :

**<input type = "submit" value="label">**

(6) રિસેટ બટન (Reset button)

- ⇨ ઘણી વખત ઉપયોગકર્તા ફોર્મમાં ભરેલી તમામ કિંમતો ફોર્મની પૂર્વનિર્ધારિત કિંમત સાથે અથવા તો ખાલી જગ્યાઓ સાથે બદલવા ઇચ્છે છે ત્યારે ફોર્મનું Reset બટન ઉપયોગી બને છે.
- ⇨ ફોર્મમાં દાખલ કરેલ વિગતોને પૂર્વનિર્ધારિત કિંમત સાથે દર્શાવવા રિસેટ બટનનો ઉપયોગ કરવામાં આવે છે.
- ⇨ રિસેટ બટન પર ક્લિક કરવાથી ફોર્મમાં દાખલ કરવામાં આવેલ વિગતો દૂર કરવામાં આવે છે અને ફોર્મને પૂર્વનિર્ધારિત કિંમતો સાથે દર્શાવવામાં આવે છે.

➡ ઉદાહરણ :

**<input type = "reset" value="label">**

| પ્રકાર | સમજૂતી | ઉદાહરણ |
|---|---|---|
| Radio | Reset<br>ફોર્મમાં રેડિયોબટનની રચના કરે છે. રેડિયો બટનના જૂથમાંથી એક સમયે માત્ર કોઈપણ એક રેડિયો બટન પસંદ કરી શકાય છે. સામાન્ય રીતે વિકલ્પોનાં જૂથમાંથી એક વિકલ્પ પસંદ કરવા માટે રેડિયો-બટનનો ઉપયોગ કરવામાં આવે છે. | <INPUT TYPE = "radio" NAME = "var" VALUE = "txt"> |
| Checkbox | ફોર્મમાં ચેકબૉક્સની રચના કરે છે. એક સાથે એકથી વધુ ચેકબૉક્સની પસંદગી શક્ય છે. આપેલ વિકલ્પોનાં જૂથમાં એકથી વધુ વિકલ્પ પસંદ કરવા માટે ચેકબૉક્સનો ઉપયોગ કરવામાં આવે છે. | <INPUT TYPE="checkbox" NAME = "var" VALUE = "txt"> |
| Text | ફોર્મમાં લખાણ ઉમેરવા માટે ટૅક્સ્ટ-ફિલ્ડની રચના કરે છે. ટૅક્સ્ટ ફિલ્ડમાં ઉપયોગકર્તા ઇચ્છિત કોઈપણ વિગતો ઉમેરી શકે છે. | <INPUT TYPE="text" NAME = "var" VALUE = "txt"> |
| Password | ફોર્મમાં પાસવર્ડ ફિલ્ડની રચના કરે છે. આ ફિલ્ડ ટૅક્સ્ટ-ફિલ્ડ સમાન છે, પરંતુ તેમાં ઉમેરવામાં આવેલ અક્ષરો ઉપયોગકર્તા સમક્ષ દર્શાવવામાં આવતા નથી. તેને બદલે અક્ષરોનું અવાચ્ય સ્વરૂપમાં રૂપાંતરણ કરવામાં આવે છે.<br>ફોર્મમાં સબમિટ બટનની રચના કરે છે. સબમિટ બટન પર | <INPUT TYPE="password" NAME = "var"> |
| Submit | ક્લિક કરવામાં આવે, ત્યારે ફોર્મમાં દાખલ કરવામાં આવેલ વિગતો ફોર્મ ઘટક સાથે ઉપયોગમાં લેવામાં આવેલ action લાક્ષણિકતાને આપવામાં આવેલ ફાઈલ તરફ મોકલવામાં આવે છે. | <INPUT TYPE="submit" VALUE = "label"> |
| | ફોર્મમાં રિસેટ બટનની રચના કરે છે. રિસેટ બટન પર ક્લિક કરવાથી ફોર્મમાં દાખલ કરવામાં આવેલ વિગતો દૂર કરી ફોર્મને પૂર્વનિર્ધારિત કિંમતો સાથે દર્શાવવામાં આવે છે. | <INPUT TYPE = "reset" VALUE = "label"> |

**કોષ્ટક 1.1 : input ટૅગ સાથે ઉપયોગમાં લેવામાં આવતી type લાક્ષણિકતાની કિંમતો**

## 1.4 ટૅક્સ્ટ એરિયા ઘટક (Textarea element)

→ ફોર્મમાં એકથી વધુ લીટીનું લખાણ દાખલ કરવા માટે ટૅક્સ્ટ એરિયા ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ટૅક્સ્ટ એરિયા ઘટકનો અમલ કરવા માટે <textarea> ..... </textarea> ટૅગનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ટૅક્સ્ટ એરિયા પ્રકારના ઘટકમાં અમર્યાદિત અક્ષરો ઉમેરી શકાય છે.

→ નોંધ (Comment), અહેવાલ (Report), લાંબી સમજૂતી (Long description) પ્રકારની વિગતો દાખલ કરવા માટે ટૅક્સ્ટ એરિયા ઘટકનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ટૅક્સ્ટ એરિયા ઘટકનું કદ rows અને cols લાક્ષણિકતા દ્વારા આપવામાં આવે છે.

→ ટૅક્સ્ટ એરિયામાં ઉપર કે નીચે ગયા વિના એટલે કે સ્ક્રોલ કર્યા વિના જોઈ શકાય તે પ્રકારની હરોળની સંખ્યા નક્કી કરવા માટે rows લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ટૅક્સ્ટ એરિયામાં ડાબી કે જમણી બાજુ ગયા વિના એટલે કે સ્ક્રોલ કર્યા વિના જોઈ શકાય તે પ્રકારના સ્તંભની સંખ્યા નક્કી કરવા માટે cols લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.

**પ્રૅક્ટિકલ-1 : ફોર્મમાં ટૅક્સ્ટ એરિયા ઘટક ઉમેરો**

→ ફોર્મમાં ટૅક્સ્ટ એરિયા ઘટક ઉમેરવાનું ઉદાહરણ આ મુજબ છે :

Download Full Book Free